વિદેશ સચિવની નેપાળની મુલાકાત

વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રી 04 થી 05 નવેમ્બર 2026 દરમિયાન નેપાળની સત્તાવાર મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અંગે ચર્ચા કરશે.

2. ભારત અને નેપાળ વચ્ચે મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધો છે, જેમાં સહયોગના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. વિદેશ સચિવની આ આગામી મુલાકાત બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચસ્તરીય મુલાકાતો અને આદાન-પ્રદાનની પરંપરાને આગળ ધપાવશે તેમજ વ્યાપક દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવામાં સહાયરૂપ થશે.

નવી દિલ્હી

02 નવેમ્બર, 2026